<u>પરિપત્ર</u>

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૧૯/૧૫૯૩-૧૬૨૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 30/03/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉત્તર બુનિયાદી પ્રવાહના વિષય માળખામાં ફેરફાર બાબત.

સંદર્ભ:- અત્રેની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉત્તર બુનિયાદી પ્રવાહના વિષય માળખામાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે. શાળાઓમાં સંબંધિત વિષયના શિક્ષકો ઉપલબ્ધ હોય અને વિદ્યાર્થી ઈચ્છે તો નીચે મુજબના ઉમેરવામાં આવેલ વિષયો શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી ધોરણ-૧૧માં અને ક્રમશ: શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી ધોરણ-૧૨માં પસંદ કરી શકશે. જે જૂથના વિષયો રદ્દ કરવામાં આવેલ છે તે વિષયો શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી પસંદ કરી શકાશે નહિ.

❖ <u>સામાન્ય પ્રવાહ:</u>

- જૂથ-૩ના વિષયોમાં સહકાર અને પંચાયત વિષય ઉમેરવામાં આવે છે.

❖ <u>વ્યવસાયલક્ષી પ્રવાહ:</u>

1. <u>કૃષિજૂથ:</u>

- જૂથ-૩માં સામાજિક વિજ્ઞાન વિષય ઉમેરવામાં આવે છે.
- જૂથ-૩માં કમ્પ્યુટર અધ્યયન વિષય ઉમેરવામાં આવે છે.

2. <u>વાણિજ્ય જૂથ:</u>

- જૂથ-૩માં નામાનાં મૂળતત્વો અને કમ્પ્યુટર અધ્યયન વિષયો ઉમેરવામાં આવે છે.
- જૂથ-૪માં ઓફીસ મેનેજમેન્ટ જૂથ અને લઘુલિપી જૂથના વિષયો રદ્દ કરવામાં આવે છે.

3. <u>ગૃહવિજ્ઞાન જૂથ:</u>

- જૂથ-૩માં સોશ્યોલોજી, સાઈકોલોજી, ઇકોનોમિકસ અને કમ્પ્યુટર અધ્યયન વિષયો ઉમેરવામાં આવે છે.
- જૂથ-૪માં ઘોડિયાઘર અને પૂર્વ પ્રાથમિક સંચાલન જૂથના વૃદ્ધિ અને વિકાસ, વ્યવસ્થા અને સંચાલન વિષયો રદ્દ કરવામાં આવે છે.

4. <u>ટેકનિકલ જૂથ:</u>

- જૂથ-૩માં સોશ્યોલોજી, સાઈકોલોજી, ઇકોનોમિકસ અને કમ્પ્યુટર અધ્યયન વિષયો ઉમેરવામાં આવે છે.
- જૂથ-૪માં રૂરલ એન્જિનિયરીંગ ટેકનોલોજી જૂથ અને મોટર રિવાઇન્ડીંગ જૂથના વિષયો રદ કરવામાં આવે છે.

ઉપરોક્ત વિગતો આપના તાંબાની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

ક્રમાંક: માશિ/૨૦૧૯/૧૪૯૭૩-૧૫૦૭૩

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ

૨) શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી ધો-૧૧ પ્ર. [illegible] સમજૂતી: ધો.૧૨માં આ સાથે સામેલ પત્ર મુજબ જૂથ મુજબના વિષય પસંદ કરી શકાશે. ૨૮ થી ૨૯ વિષય તે પસંદ કરી શકાશે તેની જાણ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.